# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-03-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અમિતા વાંઝા** વાંચે છે.

---

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં સાબરમતી આશ્રમ ખાતે 'આશ્રમ ભૂમિ વંદના' પ્રોજેક્ટનો શુભારંભ અને પુનઃવિકસિત કોચરબ આશ્રમનું ઉદ્ઘાટન કર્યું.
- પ્રધાનમંત્રીએ અમદાવાદમાં રેલવેના 85 હજાર કરોડ રૂપિયા સહિત કુલ એક લાખ કરોડ રૂપિયાથી વધુના વિકાસકામોનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યા.
- શ્રી મોદી ગુજરાતમાં ધોલેરા સહિત આશરે સવા લાખ કરોડ રૂપિયાના ખર્ચની સેમીકંડકટરની ત્રણ યોજનાઓનો આવતીકાલે વર્ચ્યુઅલી શિલાન્યાસ કરશે.
- ગુજરાત પોલીસ દળ વર્ગ-3 સંવર્ગની 12 હજાર 472 ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા ગુજરાત પોલીસ ભરતી બોર્ડ ઓનલાઇન અરજી મંગાવી છે.
- પોરબંદર નજીક મધદરિયે 400 કરોડથી વધુના નશીલા પદાર્થોનો જથ્થો ઝડપાયો – બોટમાં સવાર છ પાકિસ્તાની વ્યક્તિઓની ધરપકડ કરાઇ.
- રાજ્ય હસ્તકની વીજ વિતરણ કંપનીઓએ આ વર્ષના પહેલા ત્રણ મહિના માટેના ફ્યુઅલ સરચાર્જમાં ઘટાડો જાહેર કર્યો છે.

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM - ASHRAM BHUMI VANDANA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે અમદાવાદમાં સાબરમતી આશ્રમની મુલાકાત લઈ 'આશ્રમ ભૂમિ વંદના' પ્રોજેક્ટનો શુભારંભ કરાવ્યો અને પુનઃવિકસિત કોચરબ આશ્રમનું ઉદ્ઘાટન પણ કર્યું.

પ્રધાનમંત્રીએ મહાત્મા ગાંધીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને હૃદય કુંજની મુલાકાત લીધી તેમજ પુનઃ નિર્માણ પ્રોજેક્ટને દર્શાવતું પ્રદર્શન પણ નિહાળ્યું હતું.

આ પ્રસંગે પ્રધાનમંત્રીએ કોચરબ આશ્રમમાં ગાંધીજીના સમયનું વર્ણન કર્યું હતું. ગાંધીજીએ 12મી માર્ચે કરેલ દાંડીકૂચ દિવસને ઐતિહાસિક દિવસ ગણાવ્યો હતો. પ્રધાનમંત્રીએ સાબરમતી આશ્રમથી શરૂ કરેલ આઝાદીના અમૃત મહોત્સવની સફળતા વિશે પણ વાત કરી હતી.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, જે રાષ્ટ્ર પોતાની ધરોહરને સાચવવામાં સક્ષમ નથી તે પોતાની ઓળખ પણ ગુમાવે છે. બાપુનો સાબરમતી આશ્રમ માત્ર દેશનો જ નહીં માનવતાનો વારસો છે. વધુમાં તેમણે જણાવ્યું કે "ભવિષ્યની પેઢીઓ અને સાબરમતી આશ્રમની મુલાકાત લેનારાઓને ચરખાની શક્તિ અને ક્રાંતિને જન્મ આપવાની તેની ક્ષમતામાંથી પ્રેરણા મળશે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.પુનઃનિર્માણ પ્રોજેક્ટથી સાબરમતી ગાંધી આશ્રમ આધુનિક ભારતનું તીર્થ બનશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો.

અત્રે ઉલ્લેખનીય છે કે 1200 કરોડ રૂપિયાના ખર્ચે પ્રસ્તાવિત 55 એકરમાં ફેલાયેલા આ પ્રોજેક્ટનો ઉદ્દેશ સાબરમતી આશ્રમ અને તેની આસપાસના ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ કરવાનો છે.

જેમાં ગાંધીજીના જીવન અને આશ્રમના ભવ્ય વારસાને દર્શાવતા માહિતીપ્રદ પ્રદર્શનોની સાથે જ પૂજ્ય બાપુ દ્વારા સાબરમતી આશ્રમથી શરૂ કરવામાં આવેલા સત્યાગ્રહ અને સ્વાતંત્ર્ય સંગ્રામને દર્શાવતા પ્રદર્શનો પણ જોવા મળશે. આ પ્રોજેક્ટમાં 20 જૂના મકાનોનું સંરક્ષણ, 13 મકાનોનો જીર્ણોદ્ધાર અને 3 મકાનોનો પુનઃવિકાસ સામેલ છે.

---------------------------------------

## PM - GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે અમદાવાદમાં રેલવેના 85 હજાર કરોડ રૂપિયા સહિત કુલ એક લાખ કરોડ રૂપિયાથી વધુના વિકાસકામોનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યા છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતીય રેલવેનો વિકાસ એનડીએ સરકારની મુખ્ય પ્રાથમિકતા છે. તેમણે રેલવેની માળખાકીય સુવિધાઓ વિકસાવવા, નવી સુવિધાયુક્ત ટ્રેનો શરૂ કરવા, રેલવે પ્લેટફોર્મ પર મેક ઇન ઇન્ડિયા ઉત્પાદનોના વેચાણને પ્રોત્સાહન આપવા સહિત પોતાની સરકારે લીધેલા પગલાંની વિગતો આપી હતી.

આ કાર્યક્રમમાં શ્રી મોદીએ ભરૂચના દહેજમાં એલ.એન.જી.ના પેટ્રો કેમિકલ કોમ્પ્લેક્સનું ખાતમુહૂર્ત પણ કર્યું હતું.

(બાઇટ- પીએમ - રેલવે, અને  પેટ્રોકેમિકલ)

આ પ્રસંગે શ્રી મોદીએ અમદાવાદ-મુંબઇ સેન્ટ્રલ સહિત 10 નવી વંદે ભારત ટ્રેનોને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું. અમદાવાદ-જામનગર વંદે ભારત ટ્રેનને હવે દ્વારકા સુધી લંબાવવામાં આવી છે.

પ્રધાનમંત્રીએ ડેડીકેટેડ ફ્રેઇટ કોરીડોરના બે વિભાગોનું ઉદ્ઘાટન કર્યું. તેમણે 51 ગતિશક્તિ મલ્ટીમોડલ કાર્ગો ટર્મિનલ અને એક હજાર પાંચસોથી વધુ એક સ્ટેશન એક ઉત્પાદન સ્ટોલ રાષ્ટ્રને સમર્પિત કર્યા.

---------------------------

# PM-SEMICONDUCTOR PROJECTS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતમાં ધોલેરા સહિત આશરે સવા લાખ કરોડ રૂપિયાના ખર્ચની સેમીકંડકટરની ત્રણ યોજનાઓનો આવતીકાલે વિડિયો કોન્ફરન્સિંગ માધ્યમથી શિલાન્યાસ કરશે. આ પ્રસંગે તેઓ દેશના યુવાનોને સંબોધન કરશે.

આ કાર્યક્રમમાં સેમીકંડકટર ઉદ્યોગના અગ્રણીઓ ઉપરાંત કોલેજના વિદ્યાર્થીઓ અને અન્ય યુવાનો પણ જોડાશે.

પ્રધાનમંત્રી દ્વારા શિલાન્યાસ થનાર સેમીકંડકટરની 3 યોજનાઓમાં ગુજરાતના ધોલેરા ખાસ મૂડીરોકાણ વિસ્તારમાં સેમીકંડકટર ફેબ્રીકેશન તેમજ ગુજરાત અને આસામમાં સેમીકંડકટર એસેમ્બલી અને પરિક્ષણ સુવિધા કેન્દ્રોની યોજનાઓનો સમાવેશ થાય છે. સુચિત એકમોમાં હજારો યુવાનોને રોજગારની નવી તકો મળશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# GUJARAT POLICE DAL CLASS-3

ગુજરાત પોલીસ દળ વર્ગ-3 સંવર્ગની 12 હજાર 472 ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા ગુજરાત પોલીસ ભરતી બોર્ડ ઓનલાઇન અરજી મંગાવી છે.

જેમાં બિન હથિયારી પુરૂષ પોલીસ સબ ઇન્સ્પેક્ટરની 316 જગ્યા, બિન હથિયારી મહિલા પોલીસ સબ ઇન્સ્પેક્ટરની 156 જગ્યાઓ જ્યારે બિન હથિયારી પુરૂષ પોલીસ કોન્સ્ટેબલની 4 હજાર 422, બિન હથિયારી મહિલા પોલીસ કોન્સ્ટેબલ માટે બે હજાર 178 જગ્યાઓ, આ ઉપરાંત હથિયારી પુરૂષ અને મહિલા કોન્સ્ટેબલ, એસ.આર.પી.એફ., જેલ સિપોઇ પુરૂષ અને જેલ સિપોઇ મહિલાઓની જગ્યાઓનો સમાવેશ થાય છે. આ અંગેના વિવિધ સૂચનો ઓજસ ડોટ ગુજરાત ડોટ જીઓવી ડોટ ઇન પર અપલોડ કરવામાં આવેલ છે.

-----------

# ATS

પોરબંદરથી 185 નોટિકલ માઇલ દૂર મધદરિયેથી છ પાકિસ્તાનીઓ સાથેની બોટમાં 400 કરોડથી વધુના નશીલા પદાર્થોનો જથ્થો ઝડપાયો છે.

ગુજરાત એટીએસ, કોસ્ટગાર્ડ અને એનસીબીના સંયુક્ત ઓપરેશનથી દરિયામાં ઘુસાડવામાં આવતા નશીલા પદાર્થના પ્રયાસને

નિષ્ફળ કરવામાં આવ્યું છે. ગુજરાત એટીએસે પત્રકાર પરિષદ યોજી માહિતી આપતાં જણાવ્યું કે ધરપકડ કરાયેલા 6 પાકિસ્તાની વ્યક્તિઓ પાસેથી 60 પેકેટ નશીલા દ્રવ્યોનો જથ્થો મળી આવેલ છે. જે તમામને  તપાસ માટે પોરબંદર લાવવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે આઇસીજી દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાત એટીએસ,  અને એનસીબીના સંયુક્ત ઉપક્રમે 3 હજાર 135 કરોડની કિંમતના 517 કિલોગ્રામ નશીલા દ્રવ્યોનો જથ્થો ઝડપાયો છે.

-----------

## KANU DESAI- Fuel Surcharge

ગુજરાત સરકારે  રાજ્ય હસ્તકની વીજ વિતરણ કંપની દ્વારા ગ્રાહકો પાસેથી લેવાતા પ્રતિ યુનિટ ફ્યુઅલ સરચાર્જના દરમાં આ વર્ષના પહેલા ત્રણ મહિના માટેના દરમાં ઘટાડો જાહેર કર્યો છે.

ઉર્જામંત્રી કનુભાઇ દેસાઇએ જણાવ્યું છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે કોલસા અને ગેસના ભાવમાં થયેલા  ઘટાડાના કારણે વીજ ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થતાં વીજ ગ્રાહકોના હિતમાં આ નિર્ણય લેવાયો છે.

તેમણે કહ્યું હતું કે, ફ્યુઅલ સરચાર્જમાં ૫૦ પૈસાના ઘટાડાના કારણે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લીમીટેડ હેઠળની ચારેય વીજ વિતરણ કંપનીઓના અંદાજે પોણા બે કરોડ ગ્રાહકોને જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૪ના ત્રિમાસિક ગાળામાં આશરે  એક હજાર ૩૪૦ કરોડ રૂપિયાનો લાભ થશે.

ઉલ્લેખનીય છે કે વીજ કંપનીઓએ ગત ઓક્ટોબરથી ડિસેમ્બરના ત્રિમાસિક ગાળા દરમિયાન ૩ રૂપિયા ૩૫ પૈસા પ્રતિ યુનિટનો ફ્યુઅલ સરચાર્જ ગ્રાહકો પાસેથી વસૂલ કર્યો હતો.

..................................

## I-KHEDUT PORTAL

આગામી વર્ષ ૨૦૨૪-૨૫ માટે બાગાયત ખાતા દ્વારા ચાલતી યોજનાઓમાં સહાય મેળવવા માટે આજથી આગામી ૧૧ મી મે સુધી આઈ- ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન અરજી કરી શકાશે.

બાગાયતી સહાય મેળવવા ઇચ્છુક ખેડૂતોએ ઓનલાઇન અરજી કરવાની રહેશે, તેમજ અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ લઇ જરૂરી કાગળો સાથે જે-તે જિલ્લાના નાયબ મદદનીશ બાગાયત નિયામકશ્રીની કચેરીમાં સમયમર્યાદામાં મોકલી આપવાની રહેશે. વધુ વિગતો આઇ-ખેડૂત પોર્ટલ પર પણ ઉપલબ્ધ છે.

------------

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

.......................................

# Bharat Vikas Diary- Episode -  22

પ્રાદેશિક સમાચાર વિભાગ દ્વારા આજે રાત્રે આઠ વાગે પ્રસારિત થનાર “ભારત વિકાસ ડાયરી” કાર્યક્રમના બાવીસમા અંકમાં નવસારી લોકસભા વિસ્તારના વિકાસની ગાથા રજુ કરવામાં આવશે.

. . . . . . . . . . . .